નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ ખાતા
માટે ખરીદ સમિતિની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસશપ–૧૫૦૪–૮૫–અ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૧૭–૨–૦૪

**વંચાણે લીધા :–**

(૧) ઉદ્યોગ અને ખાણ વિભાગનો તા.૨૮–૧–૨૦૦૩ નો ઠરાવ ક્રમાંકઃ એસપીઓ–૧૦૨૦૦૨–યુઓઆર–૨૪–અ

(૨) ઉદ્યોગ અને ખાણ વિભાગનો તા.૨૧–૫–૨૦૦૩નો ઠરાવ ક્રમાંકઃએસપીઓ–૧૦૨૦૦૨–યુઓઆર–૨૪–અ

(૩) નિયામકશ્રી(વિ.જા)નો તા.૧૯–૧–૦૪ નો પત્ર ક્રમાંકઃવિજાક– શિક્ષણ–૧૫૫(૧)–૪૪–૦૩–૦૪–૯૪

**ઠ રા વ :–**

આમુખમાં ક્રમાંકઃ(૧)માં જણાવેલ ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૮–૧–૨૦૦૩ ના ઠરાવથી રાજય સરકારના વહીવટી વિભાગો, ખાતાના વડાઓની કચેરીઓ, જિલ્લા કચેરીઓ તેમજ બોર્ડ અને કોર્પોરેશનોમાં તેમની રોજબરોજની આવશ્યક ચીજવસ્તુઓની ખરીદી માટે દરેક વહીવટી વિભાગ હેઠળના નિયંત્રણ હેઠળના બધાજ ખાતાના વડાઓ માટે અલગ અલગ ખરીદ સમિતિની રચના કરવા જણાવેલ છે. જે મુજબ આ વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળના નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ ખાતાની ખરીદ સમિતિની રચના કરવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાબાદ નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ ખાતા માટે નીચે જણાવ્યા મુજબની ખરીદ સમિતિની રચના કરવાનું ઠરાવવામાં આવે છે.

**નિયામક વિકસતી જાતિ કલ્યાણ ખાતાની ખરીદ સમિતિ**

| | | |
|---|---|---|
| (૧) | નિયામક વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગાંધીનગર. | અધ્યક્ષશ્રી |
| (૨) | સંયુક્ત સચિવશ્રી/નાયબ સચિવશ્રી(સા.શૈ.પ.વ.) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ | સભ્ય |
| (૩) | હિસાબી અધિકારી વર્ગ–૧ વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગાંધીનગર. | સભ્ય |
| (૪) | નાયબ ઉદ્યોગ કમિશ્નરશ્રી (સ.ખ.)/ અધિક ઉદ્યોગ કમિશ્નરશ્રી, મધ્યસ્થ સરંજામ ખરીદ અધિકારીની કચેરી,(સી.એસ.પી.ઓ.) | સભ્ય |
| (૫) | સંયુક્ત નિયામક, વિકસતી જાતિ, કલ્યાણ ખાતુ, ગાંધીનગર | સભ્યસચિવ |

—૨—

૩૫૭

આ ખરીદ સમિતિએ તેમના ખાતાની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૮–૧–૦૩ ના ઠરાવની જોગવાઈઓ મુજબની પ્રક્રિયા તથા પધ્ધતિને વખતોવખતના હુકમો અનુસાર અનુસરવાનું રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી. એમ. પટેલ)
ઉપ સચિવ,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગાંધીનગર.
સમિતિના સર્વે સભ્યશ્રીઓ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
રેસીડેન્ટ ઓડીટ ઓફિસ, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત અમદાવાદ/રાજકોટ.
અધિક ઉદ્યોગ કમિશ્નરશ્રી (સ.ખ)ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
ઉદ્યોગ અને ખાણ વિભાગ, (ચ–શાખા) સચિવાલય, ગાંધીનગર.
નાણા સલાહકારશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.
પસંદગી ફાઈલ.